dti

**રાષ્ટ્રિય લઘુત્તમ વેતન (નેશનલ મિનિમમ વેજ)**

# કામદારો માટે એક ટૂંકી માર્ગદર્શિકા

સુધારેલી આવૃત્તિ ઓક્ટોબર 2005

**જો લઘુત્તમ વેતન (મિનિમમ વેજ) વિશે તમે કોઈ પૂછપરછ કરવા માગતાં હો, અથવા તમને ઓછો પગાર મળી રહ્યો હોવાનું લાગતું હોય, તો મિનિમમ વેજ હેલ્પલાઈનને આ નંબર પર ફોન કરોઃ**

**0845 6000 678**

**જો અંગ્રેજી તમારી પહેલી ભાષા ન હોય, તો તમારા વતી કોઈ મિત્ર કે કુટુંબના સભ્ય ફોન કરી શકે છે. અથવા અમે તમારા માટે દુભાષિયા મારફતે વાત કરવાની ગોઠવણ કરી આપી શકીએ છીએ.**

dti

યુ.કે.માં ધંધાઓની સફળતા માટે સર્વોત્તમ વાતાવરણની રચના કરવા માટે કામ કરીને ડી.ટી.આઈ. ‘બધાં માટે સમૃદ્ધિ’ની અમારી મહત્ત્વાકાંક્ષાને આગળ ધપાવે છે. અમે ઔદ્યોગિકતા, નવીનતા અને રચનાત્મકતાને બઢતી આપીને લોકો તેમજ કંપનીઓને વધારે ઉત્પાદકીય બનવામાં મદદ કરીએ છીએ.

અમે ઘર આંગણે અને વિદેશમાં યુ.કે.ના ધંધાઓને ટેકો આપીએ છીએ. અમે વિશ્વસ્તરના વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ભારેખમ રોકાણો કરીએ છીએ. અમે કામ કરતાં લોકો અને ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરીએ છીએ. અને અમે યુ.કે., યુરોપ તેમજ વિશ્વભરમાં ન્યાયી અને ખુલ્લાં બજારો માટે સમર્થન આપીએ છીએ.

# રાષ્ટ્રિય લઘુત્તમ વેતન શું છે?

લઘુત્તમ વેતન કાનૂની અધિકાર છે જે યુ.કે.માં લગભગ બધા જ કામદારો (વર્કરો)ને આવરી લે છે. 1લી એપ્રિલ 1999ના રોજ તેને યુ.કે.નો કાયદો બનાવવામાં આવ્યો હતો.

**1લી ઓક્ટોબર 2005**ના રોજ લઘુત્તમ વેતનનો મુખ્ય દર કલાકના £4.85માંથી વધારીને £5.05 કરવામાં આવ્યો હતો. આ મુખ્ય દર કામદારના 22મા જન્મદિવસથી લાગુ પડે છે.

**1લી ઓક્ટોબર 2005**ના રોજ 18થી 21 વર્ષની (તે વર્ષ સહિત) ઉંમરના યુવાન કામદારો માટે લઘુત્તમ વેતનનો મુખ્ય દર કલાકના £4.10થી વધારીને £4.25 કરવામાં આવ્યો હતો.

**1લી ઓક્ટોબર 2004**ના રોજ 18 વર્ષથી ઓછી ઉંમરના જે કામદારો ફરજિયાત સ્કૂલે જવાની ઉંમરના ન રહ્યા હોય તેમના માટે નવો દર શરૂ કરવામાં આવ્યો હતો. આ દર કલાકના £3.00 છે.

જો તમે નવા એમ્પ્લોયર સાથે કોઈ નવી નોકરીની શરૂઆત કરી રહ્યાં હો અને તમારી ઉંમર 22 વર્ષ કે તેથી વધારે હોય, અને જો તમને માન્યતા પ્રાપ્ત કોઈ તાલીમ આપવામાં આવી રહી હોય, તો તમને તમારા રોજગારના પહેલા છ મહિના માટે, 1લી ઓક્ટોબર 2005થી કલાકના ઓછામાં ઓછા £4.25 (આ અગાઉ £4.10 હતો) ચૂકવવામાં આવે એ જરૂરી છે. આ કિસ્સામાં, તે છ મહિનાના સમય દરમ્યાન ઓછામાં ઓછા 26 દિવસ માટે તમને તમારા એમ્પ્લોયર તાલીમ પૂરી પાડે તેવી સમજૂતી પર તમારે આવવું પડશે. કયા પ્રકારની તાલીમ માન્યતા પ્રાપ્ત ગણાય છે તે વિશે વધારે વિગતો માટે મિનિમમ વેજ હેલ્પલાઈનને **0845 6000 678** ઉપર ફોન કરો.

## મને તેની અસર થાય છે?

યુ.કે.માં ઘરેથી કામ કરતા કામદારો, એજન્સી મારફતે કામ કરતા કામદારો, કમિશન ઉપર કામ કરતા કામદારો, પાર્ટ-ટાઈમ કામદારો, કેઝ્યુઅલ કામદારો અને છૂટક કામદારો સહિતના મોટા ભાગના કામદારો લઘુત્તમ વેતન મેળવવા માટે હદકાર છે.

## પગાર તરીકે શેની ગણતરી થાય છે?

તમને મળતો પગાર લઘુત્તમ વેતન અનુસારનો છે તે કદાચ તમે તપાસવા માગો, કારણ કે તમને દર અઠવાડિયે કે મહિને મળતા બધા જ પૈસાની ગણતરી તેમાં થતી નથી. પ્રોત્સાહકો, બોનસો અને કામની ગુણવત્તા અનુસાર મળતા પગારની ગણતરી લઘુત્તમ વેતનના હેતુસર કરવામાં **આવે છે**, પરંતુ તમારા મૂળભૂત પગારમાં સમાવવામાં ન આવતાં હોય તેવાં પ્રાંતીય ભથ્થાં જેવાં ભથ્થાંની ગણતરી તેમાં **થતી નથી**. તે જ રીતે ઓવરટાઈમ કે પાળીમાં કામ કરવા માટે તમને મૂળભૂત દર ઉપરાંત મળતા વધારાના કોઈ પૈસાની ગણતરી પણ તેમાં થતી નથી.

નાણાકીય ન હોય તેવા અન્ય લાભો, જેમ કે ગણવેશો (યૂનિફોર્મ), ભોજન અથવા અંગત આરોગ્ય વીમાની ગણતરી થતી નથી. નાણાકીય ન હોય તેવો એક માત્ર લાભ ગણતરીમાં લેવાય છે, તે છે રહેઠાણ. લઘુત્તમ વેતન પ્રતિ ગણવામાં આવતા રહેઠાણની કિંમતની ગણતરી કરવા માટેના ખાસ નિયમો છે.

પગાર તરીકે શેની ગણતરી થાય છે અને શેની નથી થતી તેની સંપૂર્ણ યાદી માટે, મિનિમમ વેજ હેલ્પલાઈનને **0845 6000 678** ઉપર ફોન કરો.

# કલાકો તરીકે શેની ગણતરી થાય છે?

જે કલાકો માટે તમારા એમ્પ્લોયરે તમને ઓછામાં ઓછું લઘુત્તમ વેતન ચૂકવવું જરૂરી છે તેની ગણતરી તમે કેવા પ્રકારનું કામ કરો છો તેના આધારે જુદી જુદી રીતે થાય છે. ચાર જુદા જુદા પ્રકારનાં કામ છે.

- જો તમને અમુક ચોક્કસ નક્કી કરવામાં આવેલા કલાકો માટે અથવા અમુક ચોક્કસ સમય માટે પગાર ચૂકવવામાં આવતો હોય, તો તમે **'ટાઈમ વર્ક' (નક્કી કરાયેલા સમયનું કામ)** કરો છો;

- જો તમે દર વર્ષે અમુક ચોક્કસ નક્કી કરાયેલા મૂળભૂત કલાકોના સમય માટે કામ કરવાનો કરાર કરેલો હોય, જેના બદલામાં એક સરખા હપ્તામાં વાર્ષિક પગાર ચૂકવવામાં આવતો હોય (દાખલા તરીકે દર અઠવાડિયે કે દર મહિને), તો તમે **'સેલેરીડ-અવર્સ વર્ક' (ચોક્કસ કલાકો માટે ચૂકવવામાં આવતા પગારનું કામ)** કરો છો;

- તમે જેટલી સંખ્યામાં વસ્તુઓ બનાવતાં હો અથવા તમે જેટલાં કામો કરતાં હો તે અનુસાર તમને પગાર ચૂકવવામાં આવતો હોય, તો તમે **'આઉટપુટ વર્ક' (ઉત્પાદકીય કામ)** કરો છો. જો તમે આઉટપુટ વર્કર હો, તો તમને દરેક 'કામના ટુકડાનો ન્યાયી દર'ની પદ્ધતિ હેઠળ પગાર ચૂકવવામાં આવવો અથવા કામ કરવામાં આવેલા દરેક કલાક માટેનું લઘુત્તમ વેતન ચૂકવવામાં આવવું જરૂરી છે;

- જો તમારે અમુક સંખ્યામાં અમુક નિશ્ચિત કરાયેલાં કામ કરવાનાં હોય, પણ કામના કોઈ કલાકો ચોક્કસ ન કરેલા હોય, તો તમે **'અનમેઝર્ડ વર્ક' (માપ નહિ કાઢવામાં આવેલું કામ)** કરો છો. તમારે દરરોજ સરેરાશ કેટલા કલાક કામ કરવું જોઈએ તે નક્કી કરવા માટે તમારા એમ્પ્લોયર સાથે કરાર કરવાનો તમને વિકલ્પ મળે છે.

# મને રાષ્ટ્રિય લઘુત્તમ વેતન મળે છે તેની હું કેવી રીતે ખાતરી કરી શકું?

તમે લઘુત્તમ વેતન મેળવવા માટે હકદાર બનતાં હશો ત્યાં સુધી, તમારા એમ્પ્લોયર તમને તેનાથી ઓછો પગાર સ્વીકારવા માટે દબાણ ન કરી શકે. ભલે તમે ઓછો પગાર સ્વીકારવાની મંજૂરી આપતા કરારમાં સહી કરેલી હશે, તો પણ કાનૂની રીતે તેની કોઈ અસર નહિ થાય.

જો તમને લાગે કે તમને લઘુત્તમ વેતન કરતાં ઓછો પગાર ચૂકવવામાં આવી રહ્યો છે, તો તે વિશેની તમારી નોંધ જોવાનો તમને અધિકાર છે. તમે તમારી વિનંતી લેખિત કરી હોય તો કાયદા અનુસાર તમારા એમ્પ્લોયરે 14 દિવસની અંદર તમને નોંધ આપવી જ પડે છે. તમારી મંજૂરીથી આ સમય લંબાવી શકાય છે.

લઘુત્તમ વેતન વિશે જો તમને કોઈ સમસ્યાઓ કે પ્રશ્નો હોય, અથવા તમને લાગતું હોય કે તમને ઓછો પગાર ચૂકવવામાં આવી રહ્યો છે, તો તમારે મિનિમમ વેજ હેલ્પલાઈનને **0845 6000 678** ઉપર ફોન કરવો જોઈએ. જો અંગ્રેજી તમારી પહેલી ભાષા ન હોય, તો તમારા વતી કોઈ મિત્ર કે કુટુંબના સભ્ય ફોન કરી શકે છે. અથવા અમે તમારા માટે દુભાષિયા મારફતે વાત કરવાની ગોઠવણ કરી આપી શકીએ છીએ. કોલ્સ ઉપર ખાનગીમાં કાર્યવાહી કરવામાં આવે છે અને તમે ઈચ્છો તો તમારું નામ આપવાની જરૂર નથી. પણ તમને જેટલો પગાર ઓછો ચૂકવવામાં આવ્યો હોય તે પાછો મળે તે માટે મિનિમમ વેજ ઓફિસરો પ્રયત્ન કરે એવું જો તમે ઈચ્છતાં હો, તો તેમને તમારું નામ અને વિગતો ખબર હશે તો પગલાં લેવાનું તેમના માટે સહેલું બનશે. અમલબજાવણીની કાર્યવાહીમાં આગળ જતાં કોઈ પણ તબક્કે ઓફિસરોએ તમારું નામ તમારા એમ્પ્લોયરને કદાચ આપવું પડે (દાખલા તરીકે, પગાર ચૂકવવા માટે એમ્પ્લોયરને ફરજ પાડવા માટે જો તેમણે તમારા વતી એમ્પ્લોયમેન્ટ ટ્રાઈબ્યૂનલમાં જવું પડે તો). તમને પહેલાં પૂછ્યા વગર તેઓ આમ કરશે નહિ.

તમે પણ તમારો કેસ એમ્પ્લોયમેન્ટ ટ્રાઈબ્યૂનલમાં કે સિવિલ કોર્ટમાં લઈ જઈ શકો છો, પરંતુ તેમ કરતાં પહેલાં તમે કદાચ તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો કે ટ્રેડ યુનિયન પાસેથી કદાચ સલાહ મેળવવાનું ઈચ્છો.

લઘુત્તમ વેતન મેળવવાની હકપાત્રતાના કારણ ઉપર તમને કામેથી કાઢી મૂકવામાં આવવા સામે કે કોઈ હેરાનગતીનો ભોગ બનાવવા સામે અને તમારા અધિકારોનો અમલ કરાવા માટે તમે કોઈ પગલાં લો તો તેની સામે તમને કાયદાનું રક્ષણ મળેલું છે.

## મને વધારે જાણકારી ક્યાંથી મળી શકે?

લઘુત્તમ વેતન વિશે જો તમે કોઈ પ્રશ્નો પૂછવા માગતાં હો અથવા તમને લાગે કે તમને ઓછો પગાર મળી રહ્યો છે, તો મિનિમમ વેજ હેલ્પલાઈનને **0845 6000 678** ઉપર ફોન કરો. ડી.ટી.આઈ. વતી હર મેજેસ્ટીઝ રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ આ હેલ્પલાઈન ચલાવે છે.

કોલની કિંમત સ્થાનિક દરે લેવામાં આવશે. અમારી સેવાની ગુણવત્તા સુધારવામાં અમારી મદદ કરવા માટે, તમારા કોલ ઉપર કદાચ નજર રાખવામાં કે તે રેકોર્ડ કરવામાં આવી શકે.

અથવા, તમે લઘુત્તમ વેતન અંગેની પૂછપરછ માટે આ સરનામે લખી શકો છો: Freepost PHQ1, Newcastle upon Tyne NE98 1ZH. અથવા ડી.ટી.આઈ.ની મિનિમમ વેજ વેબસાઈટ **http://www.dti.gov.uk/er/nmw** જુઓ (માહિતી ફક્ત અંગ્રેજીમાં જ મળી શકે છે).

આ પત્રિકા અંગ્રેજી, વેલ્શ, અરેબિક, બંગાળી, ચાઈનીઝ, હિન્દી, પંજાબી, તામિલ અને ઉર્દૂમાં પણ મળી શકે છે.

**આ પત્રિકામાં આપવામાં આવેલી માહિતી ફક્ત સામાન્ય માર્ગદર્શન પૂરું પાડવા માટે જ છે. તેને કાયદાના સંપૂર્ણ અને અધિકૃત કથન તરીકે ગણવામાં ન આવવી જોઈએ.**

This guide has been produced in association with Her Majesty's Revenue and Customs.
Printed in the UK on recycled paper with a minimum HMSO score of 75.
First published Sept.2000. Department of Trade and Industry. www.dti.gov.uk/
© Crown Copyright. DTI/Pub 7982/1.3k/09/05/AP. (GUJARATI) URN 05/1501